DISCLAIMER: The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

ભારતની સર્વોચ્ચ અદાલતમાં

દીવાની અપીલીય હકૂમત

દીવાની અપીલ નં.૩૪૮૦–૩૪૮૧/૨૦૨૦

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અને અન્ય ...

અપીલકર્તા(ઓ)

વિરુદ્ધ

રિન્યૂ વિન્ડ એનર્જી (રાજકોટ) પ્રાઈવેટ લિમિટેડ અને અન્ય... સામાવાળા(ઓ)

ચુકાદો

ન્યાયમૂર્તિ એસ. રવિન્દ્ર ભાટ

૧. ઈલેક્ટ્રીસીટી અધિનિયમ, ૨૦૦૩ (હવે પછી, "અધિનિયમ")ની કલમ–૧૨૫ હેઠળની હાલની દિવાની અપીલો [1] દ્વારા, ઈલેક્ટ્રીસીટી અપીલીય ન્યાયાધિકરણ (હવે પછી, "APTEL") ના [2] તા.૦૬/૧૨/૨૦૧૮ના રોજનો

---

1 *દિવાની અપીલ નંબર ૩૪૮૦ અને ૩૪૮૧ ઓફ ૨૦૨૦*

2 *અપીલ નંબર ૨૦૯/૨૦૧૫માં*

હુકમ ("પ્રથમ વાદગ્રસ્ત હુકમ") અને [3] તા.૨૪/૦૭/૨૦૨૦ના રોજ ("બીજો વાદગ્રસ્ત હુકમ") ના હુકમને પડકારવામાં આવેલ છે. APTEL દ્વારા તે હુકમો દ્વારા હાલના અપીલકર્તા દ્વારા કરવામાં આવેલી અપીલ તેમજ રિવ્યુ અરજીને પણ રદ્દ કરેલ. પરિણામે, ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (હવે પછી "રાજ્ય આયોગ")ના [4] તા.૦૧/૦૭/૨૦૧૫ના હુકમને કાયમ રાખવામાં આવેલ હતો.

૨. અગાઉ પ્રથમ અપીલકર્તા–ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (હવે પછી "ગુજરાત ઉર્જા") એ આ અદાલતમાં APTEL ના આદેશને પડકારેલ, જેનો આ અદાલતે [5] નિકાલ કર્યો હતો. ત્યારબાદ, ગુજરાત ઉર્જાએ રિવ્યુ અરજી દાખલ કરી હતી, જે APTEL દ્વારા બીજા વાદગ્રસ્ત હુકમ દ્વારા નામંજુર કરવામાં આવી હતી. જ્યારે તા.૧૪/૧૦/૨૦૨૦ના રોજ આ અપીલની સુનાવણી હાથ ધરવામાં આવેલ, તેમાં આ અદાલતે નોટિસ જારી કરી હતી અને APTEL ના વાદગ્રસ્ત હુકમને સ્થગિત કરી દીધો હતો.

પૂર્વભૂમિકા

૩. ગુજરાત ઉર્જા ગુજરાત રાજ્યમાં વિતરણ પરવાનાધારકો વતી જથ્થાબંધ પાવર ખરીદે છે; અધિનિયમ હેઠળ તે શબ્દના અર્થમાં તે અધિકૃત પરવાનાધારક છે. બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા અપીલકર્તાઓ ગુજરાત

---

3 *રિવ્યુ અરજી નંબર ૦૩/૨૦૧૯માં*

4 *પિટીશન નંબર ૧૩૬૩/૨૦૧૩માં*

5 *દિવાની અપીલ નંબર ૧૨૫૩/૨૦૧૯માં તા.૧૫/૦૨/૨૦૧૯ના રોજના હુકમ દ્વારા*

રાજ્યમાં ઉર્જા વિતરણ પરવાનાધારકો છે. પ્રથમ સામાવાળા, રિન્યૂ વિન્ડ એનર્જી (રાજકોટ) પ્રાઇવેટ લિમિટેડ (હવે પછી RWE) વિન્ડ જનરેટર છે, જેણે સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (હવે પછી "કેન્દ્રીય આયોગ") દ્વારા નોટિફાઇડ રિન્યુએબલ એનર્જી સર્ટિફિકેશન સ્કીમ હેઠળ ગુજરાતના રાજકોટ જિલ્લામાં ૨૫.૨ મેગાવોટ વિન્ડ ટર્બાઇન જનરેટરની સ્થાપના કરી હતી. બીજા સામાવાળા વિન્ડ ઇન્ડીપેન્ડેન્ટ પાવર પ્રોડ્યુસર્સ એસોસીયેશન (હવે પછી "એસોસિયેશન") છે. સામાવાળા નં.૩ – ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (હવે પછી "રાજ્ય આયોગ") ગુજરાત રાજ્ય માટે આ અધિનિયમ હેઠળ નિયમન આયોગ છે. ચોથા સામાવાળા, વિશ વિન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એલએલપી (હવે પછી "વિશ વિન્ડ") વિન્ડ જનરેટર છે.

૪. અધિનિયમની કલમ–૮૬ [6] મુજબ રાજ્ય આયોગો કેટલાંક કાર્યો હાથ ધરે છે, જેમાં રાજ્યની અંદર વીજળીના જથ્થાબંધ કે છૂટક ઉત્પાદન, પુરવઠો, ટ્રાન્સમિશન અને ઉર્જા વ્હીલિંગ, માટે દર નિર્ધારણ સામેલ છે. દર

---

6 *કલમ–૮૬ની લાગુ પડતી કલમો નીચે મુજબ છે:*

*"**૮૬. રાજ્ય આયોગના કાર્યો.** (૧) રાજ્ય આયોગ નીચે મુજબના કાર્યો કરશે:*

(ક) રાજ્યની અંદર વીજળીના, જથ્થાબંધ કે છૂટક ઉત્પાદન, પુરવઠો, ટ્રાન્સમિશન અને વ્હીલિંગ માટે દર નક્કી કરશે:

(ખ) રાજ્યની અંદર વિતરણ અને પુરવઠા માટે વીજળીની ખરીદી માટેના કરારો દ્વારા ઉત્પાદન કરતી કંપનીઓ અથવા પરવાનાધારકો પાસેથી અથવા અન્ય સ્ત્રોતો પાસેથી જે કિંમતે વીજળી મેળવવામાં આવશે તે સહિત વિતરણ પરવાનાધારકોની વીજળીની ખરીદી અને પ્રાપ્તિ પ્રક્રિયાનું નિયમન કરવું;

(ગ) આંતર–રાજ્ય ટ્રાન્સમિશન અને વીજળીના વ્હીલિંગની સુવિધા;

.....

(ચ) કોઇપણ વ્યક્તિને ગ્રીડ સાથે કનેક્ટિવિટી અને વીજળીના વેચાણ માટે યોગ્ય પગલાં પૂરા પાડીને ઊર્જાના નવીનીકરણીય સ્ત્રોતોમાંથી સહ–ઉત્પાદન અને વીજળીના ઉત્પાદનને પ્રોત્સાહન આપવું, અને વીજળીની ખરીદી માટે પણ આવા સ્ત્રોતોમાંથી, વિતરણ પરવાનાધારકના વિસ્તારમાં વીજળીના કુલ વપરાશની ટકાવારી જણાવશે;

[...]"

નિર્ધારણ પ્રક્રિયા અધિનિયમની કલમ–૬૨ અને ૬૪ સાથે સુસંગત હોવી જોઈએ. કલમ–૬૨, "યોગ્ય આયોગ" (આ કિસ્સામાં, રાજ્ય આયોગ) માટે અધિનિયમની જોગવાઈઓ અનુસાર – અન્ય હેતુઓ સાથે, વીજળીના છૂટક પુરવઠા માટે દર નક્કી કરવા માટે જરૂરી છે. રાજ્ય આયોગોને પણ અધિનિયમની કલમ–૧૮૧ હેઠળ નિયમનો બનાવવાની સત્તા આપવામાં આવી છે. આ અધિકારમાં કલમ–૬૧ હેઠળ દરના નિર્ધારણ માટે નિયમનો અને શરતોનો સમાવેશ થાય છે." [7] વધુમાં, કલમ–૬૪(૩) હેઠળ શરતો સાથે દર ક્રમ સુધારી શકાય છે અથવા લાદી શકાય છે. રાજ્ય આયોગ દર નિયમનોની રચના કરતી વખતે અધિનિયમની કલમ–૬૧માં સંદર્ભિત સિદ્ધાંતો દ્વારા માર્ગદર્શિત મેળવે છે. આ અદાલતે ઠરાવેલ છે કે નિષ્ણાત સંસ્થાઓ તરીકે રાજ્ય આયોગોએ આવા નિયમનો ઘડતી વખતે વિવિધ સ્પર્ધાત્મક સંબંધિતો અને હિતો વચ્ચે સંતુલન જાળવવું પડશે. [8]

ગુજરાત રાજ્ય આયોગ, બહુ – વાર્ષિક સમયગાળા (જેને "કંટ્રોલ પીરિયડ" પણ કહેવાય છે) માટે દર નિર્ધારણ માટે નિયમનો બનાવે છે.

---

7 *અધિનિયમની જોગવાઈ–૧૮૧ (૨) (ઝેડડી)*

8 *કેરળ સ્ટેટ ઈલેક્ટ્રિસિટી બોર્ડ અને અન્ય વિરૂદ્ધ પ્રિન્સિપાલ સર સૈયદ ઈન્સ્ટિટ્યૂટ ફોર ટેકનિકલ સ્ટડીઝ, ૨૦૨૦–૭–એસસીઆર–૮૮૫:*

૭. [....] દર નક્કી કરતી વખતે આયોગ વીજળીના કોઈ પણ ગ્રાહકને બિનજરૂરી પ્રાથમિકતા આપી શકે નહીં. જોકે, આયોગને ગ્રાહકોના ભાર પરિબળ, પાવર પરિબળ, દબાણ, પુરવઠાની જરૂર હોય તેવા કોઈ ચોક્કસ સમયગાળા દરમિયાન વીજળીના કુલ વપરાશ અનુસાર અલગ–અલગ દર નક્કી કરવાની સત્તા આપવામાં આવી છે. જ્યાં સુધી શૈક્ષણિક સંસ્થાઓની આ બે શ્રેણીઓ માટે અલગ–અલગ દર નક્કી કરવાની વાત છે, ત્યાં સુધી આ પરિબળો લાગુ પડશે નહીં. અન્ય મંજુર તફાવતકર્તા પરિબળોમાં કોઈ પણ વિસ્તારની ભૌગોલિક સ્થિતિ, પુરવઠાનો પ્રકાર અને જે હેતુ માટે પુરવઠાની આવશ્યકતા છે. અલગ–અલગ પરિબળોના આ સમૂહના સંબંધમાં, સરકાર સંચાલિત અને સહાયતા પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થાઓ માટે દરનો લાભ ભૌગોલિક સ્થિતિ અથવા પુરવઠાની પ્રકૃતિ પર આધારિત જણાતો નથી. જોકે આયોગે ઉપરોક્ત જે હેતુ માટે ગ્રાહકોને પૂરવઠાની જરૂર છે તે બે સમૂહના દરના વર્ગીકરણને યોગ્ય ઠેરવ્યું છે.

ત્યારબાદ, રાજ્ય આયોગ ઉપલબ્ધ માહિતીના આધારે બહુ – વાર્ષિક દર આકારણી નક્કી કરે છે. વધુમાં કલમ–૬૪(૬) માં જણાવવામાં આવ્યું છે કે દર આકારણીમાં જો સુધારો કરવામાં ન આવે અથવા તેને રદ કરવામાં ન આવે તો દર હુકમોમાં નિર્દિષ્ટ કરવામાં આવેલા સમયગાળા માટે દર આકારણી અમલમાં રહેશે. જો કોઈ પક્ષકાર આપેલા દર હુકમોની કોઇપણ શરતોથી વ્યથિત હોય, તો તે તેમાં સુધારો કરવા અથવા તેને રદ કરવા માટે માગણી કરી શકે છે. સદર હુકમો અધિનિયમની કલમ–૧૧૧ હેઠળ APTEL ને પણ અને ત્યારબાદ, કલમ–૧૨૫ હેઠળ આ અદાલતમાં અપીલપાત્ર છે. અધિનિયમની કલમ–૬૪ હેઠળના દર હુકમો અર્ધ–ન્યાયિક છે અને પક્ષકારો માટે ઈપ્સો ફેક્ટો એટલે કે "જેમ છે તેમ" બંધનકર્તા છે સિવાય કે અધિનિયમ દ્વારા સુધારો અથવા ફેરફાર કરવામાં આવે.

૫. તા.૨૯.૦૧.૨૦૧૦ના રોજ સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન (ટર્મ્સ એન્ડ કન્ડિશન્સ ફોર રિન્યૂએબલ એનર્જી સર્ટિફિકેટ ફોર રિન્યૂએબલ એનર્જી જનરેશન) નિયમનો, ૨૦૧૦ (હવે પછી "REC નિયમનો, ૨૦૧૦") ને કેન્દ્રીય આયોગ દ્વારા વેપારયોગ્ય અને વેચાણયોગ્ય શાખ પ્રમાણપત્રો (હવે પછી "RECs") જારી કરીને બિન–પરંપરાગત સ્ત્રોતો માટે ઊર્જા બજાર વિકસાવવા માટે ઘડવામાં આવ્યા હતા. સદર આઇસી નિયમનો, ૨૦૧૦નો નિયમન–૫ આરઇ પ્રમાણપત્રોમાં ભાગ લેવા માટે રિન્યુએબલ જનરેટર્સ માટે જરૂરી પાત્રતાની જોગવાઇ કરે છેઃ

૫. પ્રમાણપત્રો માટેની લાયકાત અને નોંધણીઃ

(૧) રિન્યુએબલ ઊર્જાનાં સ્રોતોમાંથી વીજળીનું ઉત્પાદન કરતી કંપનીઓ નીચેની શરતો પૂર્ણ કરે તો તેઓ પ્રમાણપત્રો જારી કરવા માટે અને તેનો વ્યવહાર કરવાની નોંધણી માટે અરજી કરવા માટે નીચેની શરતોએ પાત્ર ગણાશેઃ

એ. તેને સ્ટેટ એજન્સી પાસેથી માન્યતા પ્રાપ્ત થઈ છે;

બી. યોગ્ય આયોગ દ્વારા નિર્ધારિત પ્રાથમિકતા દર પર વીજળીનું વેચાણ કરવાની આ પ્રકારની ઉર્જા ઉત્પાદક સંબંધિત ક્ષમતા માટે તેની પાસે કોઈ વીજળી ખરીદી કરાર નથી; અને

સી. જે ઉત્પાદિત થયેલી વીજળી (૧) જે વિસ્તારમાં પરવાનો ધરાવતી સંસ્થા સ્થિત છે તેના ડિસ્ટ્રિબ્યુશન લાયસન્સીને આ પ્રકારની ડિસ્ટ્રિબ્યુશન લાયસન્સીની વીજળીની ખરીદીના એકત્રિત ખર્ચથી વધારે કિંમતે નહીં, અથવા

(૨) કોઈ અન્ય પરવાનો ધરાવતા ગ્રાહકને અરસપરસ સહમત ભાવે અથવા બજાર નિર્ધારિત ભાવે વીજળીનું આદાનપ્રદાન કરીને વેચાણ કરે છે.

સમજુતી:– આ નિયમનોના ઉદ્દેશ માટે 'ખરીદીનો એકત્રિત ખર્ચ' એટલે કે વીજળીની સરેરાશ એકત્રિત કિંમત, જે કિમંતે વિતરણ પરવાનાધારકે વીજળીની ખરીદી કરી છે, જેમાં અગાઉના વર્ષમાં લાંબા ગાળાના અને ટૂંકા ગાળાના તમામ ઊર્જા પૂરવઠાકારો પાસેથી સ્વ–ઉત્પાદનનો ખર્ચ, જો કોઈ હોય તો, સામેલ છે, પરંતુ તેમાં પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતો પર આધારિત કિંમતનો સમાવેશ થતો નથી.

૬. REC નિયમનો, ૨૦૧૦નો ઉદ્દેશ્ય REC જારી કરવા માટે ભૌતિક વિદ્યુત ઘટકો અને ઊર્જાના પર્યાવરણીય (રિન્યુએબલ) ઘટકને અલગ કરવાનો હતો. આ એક વૈકલ્પિક પદ્ધતિ હતી જે રિન્યુએબલ એનર્જીના વેચાણ માટે પ્રાથમિકતા દરો પર કોઈપણ પરવાનાધારક અથવા સીધા કોઈપણ ઉપભોક્તા માટે વિકસાવવામાં આવેલ હતી. REC નિયમનો, ૨૦૧૦નો ઉદ્દેશ આરઈ પ્રમાણપત્રો મારફતે રિન્યુએબલ ઘટકોનું વેચાણ કરવાનો છે, જેમાં રિન્યુએબલ ઊર્જાનાં પ્રમોશનલ લાભોનો સમાવેશ થાય છે, જ્યારે ભૌતિક વિદ્યુત ઘટકોનું વેચાણ અન્ય પરંપરાગત વીજળી તરીકે થાય છે. REC નિયમનો, ૨૦૧૦માં

એવી પણ જોગવાઈ કરવામાં આવી હતી કે, REC પદ્ધતિ પર આધારિત ઉત્પાદક પાસે વિતરણ પરવાનાધારકને "સરેરાશ એકત્રિત પાવર ખરીદી કિંમત (હવે પછી "એપીપીસી" તરીકે) થી વધારે કિંમતે ભૌતિક ઊર્જા વેચવાનો વિકલ્પ હતો. [9] વધુમાં એ સુનિશ્ચિત કરવાનું રહેતું હતું કે, જનરેટર્સને REC નું વેચાણ કરીને અને ઉચ્ચ પ્રમોશનલ દર પર ભૌતિક ઊર્જાનું વેચાણ કરીને અથવા સંબંધિત વિતરણ પરવાનાધારકો પાસેથી છુટનો લાભ લઈને બમણો લાભ ન મળે.

૭. REC નિયમનો, ૨૦૧૦ અંતર્ગત વિતરણ પરવાના ધારકો REC પદ્ધતિ હેઠળ સ્થાપિત રિન્યુએબલ ઊર્જા જનરેટર પાસેથી વીજળીના ભૌતિક ઘટકની ખરીદી કરવા માટે બાધ્ય નહોતા કારણ કે આવા REC આધારિત જનરેટર પાસે વીજળીના ભૌતિક ઘટકના સંબંધમાં વૈકલ્પિક વિકલ્પો હતા, જેમ કે (૧) વીજળીના પાવર એક્સચેન્જનું વેચાણ (૨) પરસ્પર સંમત દરે ત્રાહિત પક્ષકારને વેચાણ માટે વીજળીનું વ્હીલિંગ અથવા (૩) પોતાના વપરાશ માટે વીજળીનું વ્હીલિંગ. વીજળીના ભૌતિક ઘટકના વેચાણના કિસ્સામાં વિધ્યુત ઘટકની કિંમત વિતરણ પરવાનાધારકોના સરેરાશ એકત્રિત ખર્ચથી વધી શકે નહીં. નિયમનોમાં એ પણ જોગવાઈ કરવામાં આવી છે કે જનરેટર (રિન્યુએબલ ઊર્જાનાં) બેંકિંગ સુવિધાઓ, ક્રોસ સબસિડી સરચાર્જ વગેરે સહિત અન્ય કોઈ લાભ મેળવવા માટે પાત્ર નથી. સદર પ્રમોશનલ લાભ માત્ર આરઈ પ્રમાણપત્રના વેપાર અને વેચાણની દ્રષ્ટિએ જ લાગુ પડે છે.

---

9 REC નિયમનો, ૨૦૧૦ના નિયમન–૫(૧)(ગ)

૮. REC નિયમનો, ૨૦૧૦માં તબિયાની કિંમત અને ફ્લોરબીયરેન્સ પ્રાઇસ એટલે કે લઘુતમ કિંમત અને મહત્તમ કિંમત પ્રદાન કરવામાં આવી છે, જેના પર પાવર એક્સચેન્જમાં RECs નું વેચાણ થઈ શકે છે. તે કિંમતો એટલે કે લઘુત્તમ કિંમત તેમજ મહત્તમ કિંમતો આખા દેશ માટે કેન્દ્રીય આયોગ દ્વારા નક્કી કરવામાં આવી હતી.

૯. હાલના કિસ્સામાં રાજ્ય આયોગે તેના આદેશ [10] દ્વારા પવન ઊર્જા જનરેટર પાસેથી વિતરણ પરવાના ધારકો દ્વારા વીજળીની ખરીદી માટે દર નક્કી કર્યો હતો અને સાથે જ પ્રાથમિક દર પદ્ધતિ હેઠળ સ્થાપિત પવન ઊર્જા જનરેટર માટે અન્ય વ્યવસાયિક મુદ્દાઓ પર પણ ચુકાદો આપ્યો હતો.આ ઓર્ડરમાં રિન્યુએબલ પાવર પર્ચેઝ ઓબ્લિગેશન (આરપીઓ) ને પૂર્ણ કરવા માટે વિતરણ પરવાનાધારકોને ઊર્જાનો પૂરવઠો પહોંચાડવા માટે પ્રતિ કિલોવોટકલાક દીઠ ૩.૩.૫૬ પ્રેફરન્શિયલ લેવેલાઇઝ્ડ દર માટે જોગવાઈ કરવામાં આવી છે. આ આદેશ [તા.૩૦.૦૧.૨૦૧૦ના] નો નિયંત્રણનો સમયગાળો તા.૧૧.૦૮.૨૦૦૯ થી તા.૧૦.૦૮.૨૦૧૨ [11] સુધીના સમયગાળા માટેનો હતો. આ આદેશમાં અન્ય બાબતોની સાથે સાથે પ્રાથમિક પદ્ધતિ અંતર્ગત ત્રાહિત

---

10 *તારીખ ૩૦.૦૧.૨૦૧૦ના આદેશ નંબર ૧/૨૦૧૦*

11 *આદેશની સંબંધિત જોગવાઈ નીચે મુજબ છે:*

*"**૨.૨ નિયંત્રણનો સમયગાળો:** આયોગે તા.૧૧ ઓગસ્ટ, ૨૦૦૬ના તેનાં આદેશ નંબર ૨/૨૦૦૬ દ્વારા ત્રણ વર્ષ માટે એટલે કે તા.૧૦ ઓગસ્ટ, ૨૦૦૯ સુધી પવન ઊર્જા દર નક્કી કરેલ હતા. હાલના આદેશનો મુસદ્દો ૧૭.૦૫.૨૦૦૯ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો અને તે ૧લી જુલાઈ, ૨૦૦૯થી અમલમાં મૂકવાની દરખાસ્ત હતી. જો કે, કેટલાક વાંધો ઉઠાવનારાઓએ સૂચવ્યું હતું કે હાલના આદેશને અગાઉના નિયંત્રણ સમયગાળાના અંતથી અમલી બનાવવામાં આવે.અગાઉનો નિયંત્રણ સમયગાળો ૧૦ ઓગસ્ટ, ૨૦૦૯ના રોજ સમાપ્ત થયેલ હોવાથી, આયોગે નિર્ણય લીધો છે કે આ આદેશ માટે નિયંત્રણ સમયગાળો ૧૧ ઓગસ્ટ, ૨૦૦૯થી ૩ (ત્રણ) વર્ષનો રહેશે.*

પક્ષકાર વેચાણ માટે સ્થાપિત વિન્ડ જનરેટર્સ માટે નીચેના પ્રમોશનલ લાભો પણ પ્રદાન કરવામાં આવ્યા છે:(ક) રાજ્યમાં ઓપન એક્સેસ વપરાશકર્તાઓને પવન ઊર્જાનાં વેચાણ માટે ક્રોસ સબસિડી ચાર્જમાંથી મુક્તિ.(ખ) વધારાની ચૂકવણી (૧૫ મિનિટના ટાઇમ બ્લોકમાં માસિક વપરાશ સામે સેટ ઓફ ઉપરાંત) ને આવા રિન્યુએબલ ઉર્જા સ્ત્રોતો માટે આયોગ દ્વારા નિર્ધારિત પ્રાથમિકતા દરના ૮૫ ટકાના દરે સંબંધિત વિતરણ પરવાનાધારકોને વેચાણ તરીકે ગણવામાં આવશે.

૧૦. રાજ્ય આયોગે તા.૧૭.૦૪.૨૦૧૦ના રોજ ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન (રિન્યુએબલ સ્ત્રોતોમાંથી ઊર્જાની પ્રાપ્તિ) વિનિયમો, ૨૦૧૦ (હવે પછી "રાજ્ય વિનિયમો") ને અધિસૂચિત કરી હતી. રાજ્યના વિનિયમો જે વિતરણ પરવાનાધારકોએ આરપીઓ પાસેથી ખરીદવાના હતા, તેવા કુલ વપરાશની ટકાવારીની જોગવાઇ કરે છે કે અને વધુમાં માન્યતા આપી હતી કે આવા RECs ની ખરીદી દ્વારા આરપીઓ પરિપૂર્ણ થઈ શકે છે. વધુમાં, ફરજિયાત સંસ્થાઓ તેમની રિન્યુએબલ ખરીદીની જવાબદારી બે સ્ત્રોતો દ્વારા પૂર્ણ કરી શકે છે:

(ક) રિન્યુએબલ ઊર્જાની સીધી ખરીદી (રાજ્ય આયોગ દ્વારા નિર્ધારિત પ્રાથમિકતા દરે); અને

(ખ) કેન્દ્રીય આયોગ દ્વારા નિર્ધારિત લઘુત્તમ કિંમત અને મહત્તમ કિંમત વચ્ચે બજાર કિંમતે RECs ની ખરીદી

૧૧. REC નિયમનો, ૨૦૧૦ના સંદર્ભમાં ગુજરાત ઊર્જા અને પવન ઊર્જા ડેવલપર્સ (હવે પછી ડબલ્યુપીડીસ) વચ્ચે તા.૨૯.૦૩.૨૦૧૨ના રોજ પાવર પર્ચેઝ એગ્રીમેન્ટ (હવે પછી "પીપીએ") કરવામાં આવ્યો હતો. આ કરારમાં ૨૫ વર્ષ માટે યુનિટ દીઠ રુ.૨.૬૪ની ટોચમર્યાદા નક્કી કરવામાં આવી હતી. દર ઉપરાંત, ડબલ્યુપીડી અપીલકર્તાઓને તેમના દ્વારા ઉત્પન્ન કરાયેલ અને સપ્લાય કરવામાં આવેલી વીજળીના દરેક યુનિટ માટે RECs ઇશ્યૂ કરવા માટે પાત્ર હતા. પીપીએમાં સામેલ થતાં સમયે ડબલ્યુપીડીએસ (જેમ કે RWE, વિશ વિન્ડ વગેરે) માટે ઉપલબ્ધ વૈકલ્પિક માર્ગ, રાજ્ય આયોગ દ્વારા નિર્ધારિત ₹૩.૫૬ પ્રતિ યુનિટના પ્રમોશનલ દર પર વીજળી વેચવાનો હતો. આ વિકલ્પની પસંદગી કરીને ડબલ્યુપીડીને યુનિટ દીઠ રુ. ૨.૬૪ અને ટ્રેડેબલ REC, જેની કિંમત "ભારિત સરેરાશ એકત્રિત કિંમત"[12] ના આધારે નક્કી કરવામાં આવી હતી, તે ઉપર દર સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું. વિતરણ પરવાનાધારકોને અધિનિયમની કલમ–૮૬ (૧) (ચ) હેઠળ નિર્દિષ્ટ આરપીઓ માટે ખરીદેલા વીજળીના જથ્થાનું સમાયોજન કરવા સક્ષમ બનાવવામાં આવ્યા હતા. આમ, ઉદ્યોગના બંને ક્ષેત્રોના હિતોની કાળજી લેવામાં આવી હતી.

૧૨. રાજ્ય આયોગે તા.૦૮.૦૮.૨૦૧૨ના [13] આદેશ દ્વારા તા. ૧૧.૦૮.૨૦૧૨થી તા.૩૧.૦૩.૨૦૧૬ સુધીના નિયંત્રણ સમયગાળામાં શરૂ

---

12 *જુઓ REC નિયમનો, ૨૦૧૦ના નિયમન–૫નું સ્પષ્ટીકરણ, જે નીચે મુજબ સરેરાશ એકત્રિત કિંમતને પરિભાષિત કરે છે:*

વીજળીની જે સરેરાશ એકત્રિત કિંમત પર વિતરણ પરવાનાધારકે વીજળીની ખરીદી કરી છે, જેમાં અગાઉના વર્ષમાં લાંબા ગાળાના અને ટૂંકા ગાળાના તમામ ઊર્જા પુરવઠાદારો પાસેથી સ્વ–ઉત્પાદનનો, જો કોઇ હોય તો, ખર્ચ સામેલ છે, પરંતુ રિન્યુએબલ ઉર્જા સ્ત્રોતો પર આધારિત કિંમતનો સમાવેશ થતો નથી."

13 *આદેશ નં. ૨/૨૦૧૨માં*

થયેલા પવન ઊર્જા પ્રોજેક્ટ્સમાંથી વિતરણ પરવાનાધારકો અને અન્ય દ્વારા કયા દરે વીજળી ખરીદી શકાય તે દર નક્કી કર્યા હતા.

૧૩. કેન્દ્રીય આયોગ તા. ૧૧.૦૭.૨૦૧૩ના રોજ REC નિયમન, ૨૦૧૦માં "વીજળીની ખરીદીની એકત્રિત કિંમત પર વીજળીની ખરીદીની વધુમાં વધુ કિંમતે" ના સ્થાને "વીજળીની ખરીદીની સામૂહિક કિંમત પર વીજળીની ખરીદી" નો સુધારો (હવે પછી "બીજો સુધારો")[14], સુધારા માટેના કારણોના સંબંધિત નિવેદનની સાથે કર્યો હતો. આ સુધારામાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, આ સુધારા અગાઉ અમલમાં મૂકવામાં આવેલા પીપીએ એપીસીસી કરતા ઓછા દરે લાગુ કરવામાં આવશે નહીં. પ્રથમ બે સામાવાળાઓ કેન્દ્રીય આયોગના આદેશથી વ્યથિત હતા. તેમણે રાજ્ય આયોગ સમક્ષ એક અરજી [15] દાખલ કરી હતી, જેમાં દલીલ કરવામાં આવી હતી કે, REC નિયમનોમાં ફેરફારને ધ્યાનમાં રાખીને પીપીએની શરતો બદલવી જોઈશે. રાજ્ય આયોગ દ્વારા આ અરજીને મંજૂર કરવામાં આવી હતી અને દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા કે, કેન્દ્રીય આયોગનો આદેશ સામાન્ય છે અને તેથી એ સમાન રીતે સ્થિત તમામ પવન ઊર્જા જનરેટર્સને લાગુ પડે છે. ગુજરાત રાજ્ય આયોગના આદેશથી વ્યથિત ગુજરાત ઉર્જાએ APTEL સમક્ષ અપીલ [16] દાખલ કરેલ, આ અપીલ APTEL

---

14 *નિયમન–૫ (ગ) માં સંબંધિત સુધારો નીચે મુજબ છે:*

"(૨) મુખ્ય નિયમનોના નિયમન–૫ના ખંડ–(૧) ના પેટા–ખંડ (ગ) માં "એવા વિતરણ લાઇસન્સીની વીજળીની ખરીદીના એકત્રિત ખર્ચથી વધુના ભાવે નહીં" શબ્દોને "યોગ્ય આયોગ દ્વારા નક્કી કરવામાં આવેલા વીજ વિતરણના લાઇસન્સીની વીજળીની ખરીદીના એકત્રિત ખર્ચ" સાથે બદલવામાં આવશે."

15 પીટીશન નંબર ૧૩૬૩ ઓફ ૨૦૧૩

16 *અપીલ નં. ૨૦૯/૨૦૧૫*

તા.૦૬.૧૨.૨૦૧૮ના હુકમથી નામંજૂર કરી હતી. અપીલકર્તાઓએ APTEL ના રાજ્ય આયોગના આદેશ વિરુદ્ધ તેમની અપીલ નામંજૂર કરવાના આદેશ સામે રિવ્યુ અરજી દાખલ કરી હતી, જેને પણ APTEL દ્વારા તા.૨૪.૦૭.૨૦૨૦ના હુકમ દ્વારા નામંજૂર કરવામાં આવી હતી.

અપીલકર્તાની દલીલો

૧૪. અપીલકર્તાના વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી સી.એ. સુંદરમે રજૂઆત કરી હતી કે સવાલવાળા પીપીએ માટેના નિયમનકારી નિયમનો સીઈઆરસી નિયમનો, ૨૦૧૦ હતા. એટલે રાજ્ય આયોગને કરારની વિરુદ્ધમાં દર નક્કી કરવાનો કોઈ અધિકાર નહોતો. વધુમાં વકીલે દલીલ કરી હતી કે, કેન્દ્રીય આયોગે પોતે જ બીજા સુધારા દ્વારા સ્પષ્ટતા કરી છે કે, તા.૧૧.૦૭.૨૦૧૩ અગાઉ થયેલા પીપીએનાં સંબંધમાં બંને પક્ષકારો વચ્ચે પરસ્પર સંમતિ ધરાવતાં દર પીપીએ નાં સંપૂર્ણ સમયગાળા (એટલે કે ૨૫ વર્ષ) માટે માન્ય રહેશે અને રાજ્ય આયોગ દ્વારા એને બદલી કે ફરી નક્કી કરી શકાશે નહીં. વધુમાં એવી દલીલ કરવામાં આવી હતી કે, જો કરાર પર હસ્તાક્ષર કરતી વખતે અપીલકર્તાઓ વાર્ષિક ધોરણે એપીપીસી વિશે જાણતા હોત, તો તેમણે REC પદ્ધતિ અપનાવી ન હોત, પરંતુ તેના બદલે તેમણે એક અલગ પદ્ધતિ અપનાવી હોત, જેમાં કિંમતો નક્કી કરવામાં આવી હોત અને અપીલકર્તાઓને આરપીઓ લાભ પણ મળી શકતો હોત.

૧૫. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ વિરુદ્ધ સોલર સેમી કંડક્ટર પાવર લિમિટેડ (ઇન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ [17] ના કેસમાં આ કોર્ટના ચુકાદા પર આધાર રાખી દલીલ કરવામાં આવેલ હતી કે જો રાજ્ય પંચ પક્ષો વચ્ચે ફરીથી ટેરિફ ફરી નક્કી કરે, તો વ્યથિત પક્ષને કથિત સમજૂતી ચાલુ રાખવા અથવા આ રીતે વધેલા ટેરિફ પર નવો કરાર કરવા માટે ફરજ પાડી શકાશે નહીં.

૧૬. અપીલકર્તાઓએ વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય પંચને પી.પી.એ. ફરી ચલાવવા માટે કોઈ અધિકારક્ષેત્ર નહોતું. કારણ કે, તે કેન્દ્રીય પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલા અને તેના વિશિષ્ટ અધિકાર ક્ષેત્રમાં આવતા આર.ઈ.સી. નિયમો ૨૦૧૦ ના સંદર્ભમાં દાખલ કરવામાં આવ્યા હતા. વધુમાં એવી દલીલ કરવામાં આવી હતી કે, જો અપીલકર્તાઓ ઓછા ટેરિફ પર વીજળી ઉપલબ્ધ કરવા માટે વાટાઘાટો ન કરી શકે અથવા ઓછા ટેરિફ પર વીજળી ઉપલબ્ધ હોવા છતાં ઊંચા ટેરિફ પર વીજળી ખરીદવા સંમત થાય તો તેઓ તેમના ગ્રાહકો પ્રત્યે તેમની ફરજમાં નિષ્ફળ જશે. આવી સ્થિતિમાં વીજળીની ખરીદીનો ઊંચો ખર્ચ છેવટે ગ્રાહકો ઉપર લાદવામાં આવશે, જે કાયદા અંતર્ગત જાહેર હિતની વિરુદ્ધ હશે.

૧૭. વિ. વરિષ્ઠ વકીલશ્રી એ વધુ દલીલ કરી હતી કે, હાલના કેસમાં 'એપીપીસી' [18] [**ફૂટનોટ ૧૮** –] ની વ્યાખ્યા પર ભરોસો મૂકી શકાય નહિ અને

---

17 (૨૦૧૭) ૧૪ એસસીઆર ૧૧૫

18 પીપીએની કલમ ૧.૧ તરીકે એપીપીસીને નીચે મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવી છેઃ

"સરેરાશ **પાવર પર્ચેઝ કોસ્ટ" એટલે વેઇટેડ એવરેજ પૂલ્ડ પ્રાઇસ,** જે પર ડિસ્ટ્રિબ્યુશન

પ્રશ્ન હેઠળના 'પીપીએ' માં ટેરિફ અંગેની જોગવાઈ કરેલ છે. પરિણામે, આ પ્રકારનાં ટેરિફ પર સંમત થવા માટે પક્ષો માટે કોઈ કાયદો કે નિયમનમાં કોઈ પ્રતિબંધ નહોતો અને હકીકતમાં, REC નિયમો ૨૦૧૦ માં એ જ સ્વીકાર્યું હતું કે, પીપીએ 'પુલ્ડ પરચેઝ કોસ્ટ' થી વધે નહિ તે પર થઈ શકે છે. તેવી જ રીતે, ગ્રાહકો અથવા લાઇસન્સધારકોને આ પ્રકારની વીજળીના વેચાણ માટે 'પારસ્પરિક સંમત કિંમત' નો સંદર્ભ લેવામાં આવ્યો છે અને એટલે 'પારસ્પરિક સંમત કિંમત' નો સંદર્ભ આપવાનો અર્થ એ પણ થઈ શકે છે કે કિંમત પણ એક નિશ્ચિત કિંમત હોઈ શકે છે અને તેનો અર્થ એ નથી કે દર વર્ષે તે ડાયનેમિક અને બદલાતી રહે.

૧૮. એવી દલીલ કરવામાં આવી હતી કે, એપીટીઈએલ દ્વારા કરવામાં આવેલ અર્થઘટન એ નિયમમાં કોઈ સ્પષ્ટ જોગવાઈ પર અથવા જરૂરી સુચીતાર્થમાંથી ઊભી થતી કોઈ પણ બાબત પર આધારિત નથી. જ્યાં સુધી અગાઉના સમયગાળા માટે વિશેષ રીતે કાર્યરત ન હોય ત્યાં સુધી નિયમોમાં ફેરફારને પાછળની અસરથી લાગુ ન કરી શકાય. એટલે [૨૦૧૩માં] સુધારા અગાઉ થયેલા કરારોને સુધારેલી જોગવાઈઓ દ્વારા સંચાલિત કરી શકાશે નહીં. આવું કરવું માત્ર સુધારેલા નિયમોની સ્પષ્ટ શરતોથી વિપરીત જ નહીં, પરંતુ પીપીએની એ શરતોથી પણ વિપરીત હશે, જે નિયમોમાં આ પ્રકારનાં ફેરફારો માટે વ્યવસથા કે જોગવાઈ કરેલ નથી.

લાયસન્સીવીજળીની ખરીદી, જેમાં વીજળીના તમામ સપ્લાયર્સ પાસેથી અગાઉના વર્ષમાં સ્વ–ઉત્પાદનનો ખર્ચ, જો કોઈ હોય તો, લાંબા ગાળાની અને ટૂંકા ગાળાની ખરીદીનો સમાવેશ થાય છે, જેમા રિન્યુએબલ એનર્જી સ્રોતો નો સમાવેશ થતો નથી.વધુમાં, આ સમજૂતી માટે, સમજૂતીની અવધિ માટે વીજળીની સરેરાશ ખરીદી અનુચ્છેદ ૫.૨ મુજબ થશે.

૧૯. અપીલકર્તાઓએ વધુમાં વિનંતી કરી હતી કે ૨૯.૦૩.૨૦૧૨ ના રોજ પ્રતિવાદીઓએ જાણીજોઈને પીપીએ દાખલ કર્યું હતું, જે રાજ્ય પંચના ૦૮.૦૨.૨૦૧૨ ના રોજ ટેરિફ ઓર્ડર અગાઉનું હતું. પીપીએ પર સામાવાળાઓએ ૧૧.૦૭.૨૦૧૩ અગાઉ હસ્તાક્ષર કર્યા હતા (જ્યારે REC ના નિયમનોમાં સુધારો કરવામાં આવ્યો હતો), જે સ્વૈચ્છીક અને કોઈપણ જાતના જોડાણ વગર કરેલ હતુ. પીપીએની શરતો બંધનકર્તા અને અમલીકરણક્ષમ હતી, જે બીજા સુધારાથી અસરગ્રસ્ત નહોતી, કે જે ભવિષ્યમાં લાગુ થશે. વિ.વકીલે શ્રી એ આ સંબંધમાં પ્રકાશિત નિવેદનમાં સીઈઆરસી દ્વારા સ્પષ્ટતા પર આધાર રાખ્યો હતો.[19]

૨૦. એવો દાવો કરવામાં આવે છે કે જળવાયુ પરિવર્તન પર રાષ્ટ્રીય કાર્ય યોજના અને કેન્દ્રીય ઊર્જા મંત્રાલયનો તારીખ ૨૮–૦૧–૨૦૧૬ નો ઠરાવ અને ટેરિફ પોલિસી એ ઊર્જાનાં પુનઃપ્રાપ્ય સ્રોતોનાં સહ–ઉત્પાદનની જરૂરિયાત પર ભાર મૂકે છે, જેથી તે વધારે પ્રમાણમાં પહોંચી શકે. આ નીતિનો ઉદ્દેશ રોકાણમાં વધારો કરવાનો અને પુનઃપ્રાપ્ય ઊર્જાનું ઉત્પાદન કરતા વ્યવહારિક એકમોની સ્થાપના સુનિશ્ચિત કરવાનો છે.

---

19 તારીખ ૧૦.૦૭.૨૦૧૩ ના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે,

"કેટલાક હિતધારકોએ એ બાબતની સ્પષ્ટતા કરવાનું સૂચન કર્યું છે કે, એપીપીસી કરતા ઓછા ભાવે હાથ ધરવામાં આવેલા પીપીએ REC મિકેનિઝમ હેઠળ અયોગ્ય ગણાશે કે નહીં. એવું માનવામાં આવે છે કે, વીજળીના ઘટકો માટે ટેરિફ એપીપીસી કરતા ઓછો કે વધારે હોવાથી આરઇ જનરેટરને નુકશાન કે નફાને ટાળી શકાય તેમ છે. પંચે સ્પષ્ટતા કરી છે કે, તેનો આશય એ પ્રોજેક્ટ્સ પર પ્રતિબંધ મૂકવાનો નથી, જેમણે એપીપીસી કરતા ઓછા ટેરિફ પર પીપીએ અમલમાં કરેલ છે.

૨૧. એવી દલીલ કરવામાં આવી હતી કે, પી.પી.એ. એ બંને પક્ષો વચ્ચે મુક્ત રીતે થયેલા વ્યવસાયિક વ્યવહારો છે. અપીલકર્તાઓ અને પ્રથમ પ્રતિવાદીઓ ન તો પીપીએ કરવા માટે અને ન તો કોઈ ચોક્કસ શરતો સાથે સંમત થવા બાધ્ય હતા. જો શરતો સ્વીકાર્ય ન હોય તો બંને પક્ષોને આ વ્યવહારને નકારી કાઢવાની અને REC નિયમો ૨૦૧૦ અંતર્ગત ઉપલબ્ધ અન્ય વિકલ્પો દ્વારા વીજળી વેચવાની કે ખરીદવાની સ્વતંત્રતા હતી. વધુમાં, પીપીએ પર હસ્તાક્ષર કરતા સમયે અને ત્યારબાદ, ડિસેમ્બર, ૨૦૧૩ માં રાજ્ય પંચ સમક્ષ અરજી દાખલ કરવામાં આવી ત્યાં સુધી (એટલે કે પીપીએના અમલીકરણ પછી દોઢ વર્ષથી વધુ સમય સુધી), પ્રથમ પ્રતિવાદીએ પીપીએની શરતો અને નિયમો સાથે સંમત થવા કથિત રીતે જબરદસ્તી કરવામાં આવતાં કે દબાણ હેઠળ મૂકવામાં આવતાં હોવાનો કોઈ વાંધો ઉઠાવ્યો ન હતો. પીપીએની શરતો REC નિયમો ૨૦૧૦ અંતર્ગત સઘળી જોગવાઈઓને પાલનકર્તા હતી, કારણ કે તે નિયમો માં કિંમત 'એકત્રિત વિજળિ ખરીદી ખર્ચ' કરતા વધુ ન હોવાના નિયંત્રણો રાખેલ હતા. અપીલકર્તા અને પ્રતિવાદી નં. ૧ વચ્ચે નક્કી થયેલી કિંમત યુનિટ દીઠ રૂ. ૨.૬૪/– અથવા પછીના વર્ષનો 'એકત્રિત વિજળિ ખરીદી ખર્ચ', બેમાંથી જે ઓછો હોય તે હતી.

૨૨. અપીલકર્તાઓએ દલીલ કરેલ છે કે, તા.૧૧.૦૭.૨૦૧૩ સુધી ડબલ્યુપીડી/પ્રતિવાદીઓમાંથી કોઇએ પણ પીપીએના સંપૂર્ણ સમયગાળા દરમિયાન રૂ૦.૨.૬૪/કેડબલ્યુએચ ના ટેરિફ પર કોઈ મુદ્દો ઉઠાવ્યો નહોતો. પરન્તુ, તારીખ ૧૦.૧૨.૨૦૧૩ કે જ્યારે પહેલા બે સામાવાળા દ્વારા અરજી

નં.૧૩૬૩/૨૦૧૩ સ્ટેટ કમીશન સમક્ષ દાખલ કરેલ કે જેમાં દાવો કરવામાં આવેલ કે ટેરિફ એ નિશ્ચિત કિંમત રૂ૦.૨.૬૪/કેડબલ્યુએચ કરતા વર્ષ દર વર્ષ ની એપીપીસી કોસ્ટ હોવી જોઈએ. આ સી.ઈ.આર.સી. ના બીજા સુધારા લાગુ કરવાના નિર્ણયની વિરુદધ હતુ, કે જે સંભવિત રીતે ૧૧.૦૭.૨૦૧૩ કે ત્યારબાદ ના પીપીએ બાબતનુ હતુ. રાજ્ય આયોગે પોતાના આદેશ (તા. ૦૧.૦૭.૨૦૧૫ ના રોજ) દ્વારા પ્રતિવાદીની અરજીને મંજૂર કરી હતી અને વધુમાં નિર્દેશો આપ્યા હતા કે આ આદેશ જેનરિક સ્વરૂપનો છે અને સમાન પ્રકારના તમામ ડબલ્યુપીડી પર લાગુ પડે છે, જેની પુષ્ટિ પ્રથમ વાદગ્રસ્ત આદેશ દ્વારા કરવામાં આવી હતી. અપીલકર્તાઓએ દલીલ કરી હતી કે, પીપીએ માટે REC વ્યવસ્થા અપનાવવા માટેના ગવર્નિંગ રેગ્યુલેશન્સ એ REC રેગ્યુલેશન્સ, ૨૦૧૦ છે અને રાજ્ય પંચ તેનાથી વિપરીત ટેરિફ પર નિર્ણય ન લઈ શકે. જ્યારે કેન્દ્રીય પંચે સ્પષ્ટતા કરી હતી કે, ૧૧.૦૭.૨૦૧૩ ની પહેલા કરવામાં આવેલા પીપીએ માટે પરસ્પર સંમત ટેરિફ પીપીએ (૨૫ વર્ષ) ના સંપૂર્ણ સમયગાળા માટે માન્ય છે, ત્યારે ડબલ્યુપીડી/પ્રતિવાદીઓના ઇશારે નવા ટેરિફને બદલવામાં રાજ્ય પંચ અને એપીટીઇએલ ભૂલ કરી ગયા હતા. અહીં એ બાબત પર ધ્યાન દોરવામાં આવ્યું છે કે, કેન્દ્ર સરકાર દ્વારા અધિસૂચિત વિદ્યુત નિયમો, ૨૦૦૫ નો નિયમ–૮ [20] [**કુટનોટ – ૨૦.**] બાધ્યકારી છે અને ખાસ કરીને એવી

---

20 નિયમ ૮ નીચે મુજબ છેઃ

"૮.કલમ ૭૯ હેઠળ ઉત્પાદક કંપનીઓની ટેરિફ.કાયદાની કલમ ૭૯ની પેટાકલમ (૧) ની જોગવાઈ (ક) અથવા (ખ) હેઠળ ઉત્પાદન કરતી કંપનીઓ માટે કેન્દ્રીય પંચ દ્વારા નક્કી કરવામાં આવેલા ટેરિફ કાયદાની કલમ ૮૬ ની પેટાકલમ (૧) ની જોગવાઈઓ (ક) અથવા (ખ) હેઠળ કામગીરી કરતી વખતે રાજ્ય પંચ દ્વારા પુનઃનિર્ધારણને આધિન રહેશે નહીં અને ઉપરોક્ત રાજ્ય પંચ નક્કી કરી શકે છે કે, રાજ્યમાં વિતરણ લાઇસન્સે આવી ઉત્પાદન કરતી કંપનીઓ સાથે કેન્દ્રીય પંચ દ્વારા નિર્ધારિત ટેરિફના આધારે વીજળી ખરીદીની સમજૂતી કરવી કે ખરીદીની પ્રક્રિયા કરવી.

જોગવાઈ કરવામાં આવી છે કે, કેન્દ્રીય પંચ (સીઇઆરસી) દ્વારા નિર્ધારિત ટેરિફ જીઇઆરસી/રાજ્ય પંચ દ્વારા પુનઃનિર્ધારણને આધિન રહેશે નહીં.

૨૩. વિ. વરિષ્ઠ વકીલ શ્રી એ દલીલ કરી હતી કે, જો પીપીએ પર હસ્તાક્ષર કરતી વખતે, ડબલ્યુપીડી–સામાવાળાએ વર્ષ દર વર્ષ આધારે એપીપીસીમાં ટેરિફ માંગ્યું હોત, તો અપીલકર્તાઓએ REC મિકેનિઝમ રૂટ હેઠળ પીપીએમાં પ્રવેશ ન કર્યો હોત અને માત્ર વૈકલ્પિક માર્ગ અપનાવ્યો હોત, જ્યાં કિંમત નક્કી કરવામાં આવી હતી અને વધુમાં, અપીલકર્તાઓ આરપીઓ લાભોના હકદાર હોત. એ બાબત પણ સ્પષ્ટ છે કે, અપીલકર્તાઓએ REC વ્યવસ્થા અંતર્ગત વીજળીની ખરીદી માટે બીજા સુધારા પછી કોઇપણ પી.પી.એ. પર હસ્તાક્ષર કર્યા નથી. અપીલકર્તાઓએ વિનંતી કરી હતી કે, આક્ષેપિત ઓર્ડર ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ વિ સોલર સેમી–કંડક્ટર પાવર કંપની (પ્રાઇવેટ) લિમિટેડ (ઉપર મુજબ) માં આ કોર્ટના નિર્ણયથી વિપરીત છે, કે જેમાં ઠરાવેલ છે કે જો રાજ્ય કમીશન ફરીથી ટેરીફ નક્કી કરે, તો અપીલકર્તા ને પી.પી.એ ચાલુ રાખવા કે આ નવા પ્રમાણે ના ટેરીફ મુજબ ના કોન્ટ્રાક્ટ કરવા માટે આગ્રહ ન કરી શકે. વધુમાં એવી દલીલ કરવામાં આવે છે કે ડબલ્યુપીડી દ્વારા પીપીએનો કાયદેસર અમલ કર્યા પછી, ટેરિફમાં વધારો કરવા કે અન્ય કોઈ પણ શરતો માટે પ્રવર્તમાન વ્યવસ્થા હેઠળ પીપીએમાં સમાવિષ્ટ ટેરિફ નિયમો અને શરતોમાં સુધારો કરી શકાશે નહીંઃ વકીલે ઉપર મુજબની તકરારના સમર્થનમાં ટ્રાન્સમીશન કોર્પોરેશન ઓફ આંધ્ર–પ્રદેશ લિમિટેડ વિરુદ્ધ સાઈ રિન્યુએબલ પાવર પ્રાઇવેટ લિમિટેડ (હવે પછી ટ્રાન્સમિશન કોર્પોરેશન ઓફ

આંધ્ર પ્રદેશ લિમિટેડ) [21] *અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ વિરુદ્ધ ઈએમસીઓ લિમિટેડ (હવે પછી ઈએમસીઓ લિમિટેડ)* [22] *અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ વિરુદ્ધ એસીએમઈ સોલર ટેકનોલોજીસ (ગુજરાત) પ્રાઈવેટ લિમિટેડ અને અન્ય* [23] *નોઉલ્લેખ કર્યો હતો.*

૨૪. શ્રી સુંદરમે અપીલકર્તાઓના પક્ષે દલીલ કરી હતી કે ડબલ્યુપીડી દ્વારા ઉઠાવવામાં આવેલી દબાણ અથવા જબરદસ્તી અથવા અસમાન સોદાબાજી વગેરેની દલીલ નીચેના કારણોસર સ્પષ્ટ રીતે ખોટી છેઃ (ક) રાજ્ય પંચ સમક્ષ પ્રથમ બે સામાવાળાઓ દ્વારા જ અરજી દાખલ કરવામાં આવી હતી, એટલે તે તમામ ડબલ્યુપીડી સામે કથિત બળજબરીનો આરોપ લગાવવાનો આધાર ન હોઈ શકે; (બ) ઉપરોક્ત બે પ્રતિવાદીઓ દ્વારા કરાયેલા આક્ષેપો અસ્પષ્ટ અને બિનસત્તાવાર હતા, અને ડિસેમ્બર–૨૦૧૩ સુધી, એટલે કે, સુધારેલા સીઈઆરસી નિયમો પછી આવી કોઈ પ્લી કરવામાં આવી ન હોવાના કારણે; અને (ક) જેમ કે આ કોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ છે કે તેવી જબરદસ્તીની અરજી ખાસ કરીને પ્લીડ અને સાબિત કરવાની હતી. આ સંબંધમાં ટ્રાન્સમિશન કોર્પોરેશન ઓફ આંધ્રપ્રદેશ લિમિટેડ (ઉપર મુજબ) ના કેસ પર આધાર રાખવામાં આવ્યો હતો.

૨૫. વધુમાં એવી દલીલ કરવામાં આવે છે કે પીપીએમાં કોઈ પણ શરત સામેલ કરવા પર પ્રતિબંધ મૂકવા માટે રાજ્ય કે કેન્દ્રીય આયોગનું કોઈ નિયમન

---

21 *(૨૦૧૦) ૮ એસસીઆર ૬૩૬*
22 *(૨૦૧૬) ૧ એસસીઆર ૮૫૭*
23 *(૨૦૧૭) ૧૬ એસસીસી ૪૯૮*

નથી, જે બંને પક્ષોને REC વ્યવસ્થાતંત્રમાંથી પ્રેફરન્શિયલ ટેરિફ મિકેનિસમ તરફ વાળવાનો વિકલ્પ આપે છે. આક્ષેપિત આદેશમાં એક પક્ષને કોન્ટ્રાક્ટ રદ કરવાની સત્તા આપતી જોગવાઈઓ પર અપીલકર્તાઓ દ્વારા ઉલ્લેખિત ચુકાદાઓને ધ્યાનમાં લેવામાં આવ્યા નહોતા. આ સંબંધમાં સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા વિ. હાર્ટફોર્ડ ફાયર ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડ [24] અને મહારાણી શાંતિદેવી પી ગાયકવાડ [25] [**ફુટનોટ – ૨૫:** –] ના ચુકાદા પર આધાર રાખવામાં આવેલ છ.

સામાવાળાની રજૂઆતો

૨૬. શ્રી શ્યામ દિવાન અને શ્રી ધ્રુવ મહેતા, વરિષ્ઠ વકીલો પ્રથમ બે સામાવાળાઓ તરફથી હાજર થયેલા એ વિનંતી કરેલ હતી કે, વર્તમાન કેસમાં રાજ્ય પંચની હકૂમત છે. પીપીએ (કલમ ૧.૧) ની વ્યાખ્યાત્મક જોગવાઈ પર મૂકવામાં આવી હતી કે જેમાં આયોગનો અર્થ 'રાજ્ય આયોગ' થાય. એવી વિનંતી કરવામાં આવી હતી કે, વર્તમાન નિયમનકારી માળખાની દ્રષ્ટિએ (જે યોગ્ય પંચ દ્વારા નિયમનકારી દેખરેખ પ્રદાન કરે છે), ઉત્પાદન કંપનીઓ અને વિતરણ લાઇસન્સધારકો દ્વારા કરવામાં આવેલા પીપીએને યોગ્ય પંચ દ્વારા મંજૂરી મેળવવાની જરૂર છે. પ્રથમ, કાયદાની કલમ ૮૬ (૧) (બ) ખાસ કરીને રાજ્ય પંચને વીજળીની ખરીદી અને વિતરણ લાઇસન્સધારકોની ખરીદીની પ્રક્રિયાનું નિયમન કરવાની સત્તા આપે છે, જેમાં ઉત્પાદન કંપનીઓ પાસેથી કઈ કિંમતે વીજળી ખરીદવામાં આવશે તેની કિંમત સામેલ છે. આ જોગવાઈ રાજ્ય

---

24 એઆઈઆર ૧૯૯૫ એસ.સી ૧૨૮૮

25 ૨૦૦૧(૫) એસ.સી.સી. ૧૦૧

પંચને પીપીએની શરતોમાં સુધારો કરવા, તેમાં ફેરફાર કરવા અથવા તેને બદલવાની સત્તા આપે છે, જેથી નિયમનકારી માળખા અનુસાર તેનું પાલન સુનિશ્ચિત થઈ શકે. બીજું, રાજ્ય પંચ દ્વારા સૂચિત મલ્ટી યર ટેરિફ રેગ્યુલેશન્સ, ૨૦૧૧ (હવે પછી જી.ઈ.આર.સી. (મલ્ટી યર ટેરિફ) રેગ્યુલેશન્સ) હેઠળ, પી.પી.એને અસરકારક અને અમલીકરણક્ષમ ગણવા માટે ફરજિયાત મંજૂરી આપવી પડશે. વિદ્વાન વકીલ ની રજુઆત કે 'પી.પી.એની અગાઉ ફાઈલિંગ અને મંજૂરી જરૂરી છે, કે જે આ કિસ્સામાં હાથ ધરવામાં આવી ન હતી, જે તેની કાનૂની અસરકારકતાને નબળી પાડે છે' તેના સમર્થનમાં મહારાષ્ટ્ર ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (મલ્ટી યર ટેરિફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૯ (રેગ્યુલેશન્સ ૨૧), દિલ્હી ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન કોમ્પ્રિહેન્સિવ (કંડક્ટ ઓફ બિઝનેસ) રેગ્યુલેશન્સ ૨૦૦૧ (રેગ્યુલેશન્સ ૪૫) અને આંધ્રપ્રદેશ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (ડિસ્ટ્રીબ્યુશન લાઈસન્સ) રેગ્યુલેશન્સ ૨૦૧૩ (રેગ્યુલેશન્સ ૩૬) ની જોગવાઈઓ પર આધાર રાખેલ છે.

૨૭. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, REC મિકેનિઝમ હેઠળ 'સંકલિત વીજળીની ખરીદીનો ખર્ચ' અગાઉના નાણાકીય વર્ષનો એપીપીસી હોવો જોઈએ, જેમાં નિયમિત ધોરણે સુધારો/વધારો થવો જોઈએ. જ્યારે સંકલિત ખરીદીનો ખર્ચ વધે છે, ત્યારે REC ની ફ્લોર પ્રાઈસ ઘટશે, કારણ કે ફ્લોર પ્રાઈસ અને REC ની ફોરબીયરેંસ પ્રાઈસ દરેક નિયંત્રણ સમયગાળાના અંતે વધઘટને આધિન હોય છે. આમ, આર.ઈ.સી. મિકેનિઝમ હેઠળ પવન ઊર્જા પ્રોજેક્ટ્સ ત્યારે જ વ્યવહારિક બનશે જ્યારે આર.ઈ.સી.ની કિંમતોમાં ઘટાડાની

ભરપાઈ કરવા માટે પાવર ઘટકમાંથી આવક વધશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જો એ.પી.પી.સી.ની ગણતરી આર.ઈ.સી. પ્રાઈસ બેન્ડના નિર્ધારણ માટે સી.ઈ.આર.સી. દ્વારા લેવામાં આવેલી રકમ કરતાં ઓછી હશે, તો આર.ઈ.સી. મિકેનિઝમ હેઠળ આર.ઈ. ઉત્પાદકને માટે વ્યવહારિકતામાં તફાવત સમસ્યા ઊભી થઈ શકે છે, ખાસ કરીને એવા કિસ્સાઓમાં જ્યાં પાવર એક્સચેન્જમાં ભાવ ફ્લોર પ્રાઈસની નજીક હોય.

૨૮. વધુમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે, REC નિયમોના બીજા સુધારામાં "વધુમાં વધુ ન હોય તેવી કિંમતે પૂલ્ડ કોસ્ટ" શબ્દને બદલવામાં આવ્યો છે, જેનો અર્થ એ થયો કે, વીજળીની ખરીદીનો ખર્ચ, વીજળીની ખરીદીના ખર્ચથી ઓછો કે વધારે ન હોઈ શકે. વકીલ શ્રી એ બીજા સુધારાના સંબંધમાં કેન્દ્રીય પંચ દ્વારા ૧૦.૦૭.૨૦૧૩ ના રોજ બહાર પાડવામાં આવેલા નિવેદનો પર આધાર રાખેલ, જેમાં દલીલ કરવામાં આવી હતી કે REC કોન્ટ્રાક્ટ્સને નિશ્ચિત કિંમત કોન્ટ્રાક્ટ ન કહી શકાય, કારણ કે પ્રાઈસ બેન્ડ (ફ્લોર પ્રાઈસ/ફોરબીયરેંસ પ્રાઈસ) સમયાંતરે સુધારાને આધિન હોઈ તે REC પ્રોજેક્ટ્સની વ્યવહારિકતાને અસર કરશે. ઉપરોક્ત નિવેદનનો સંગત સાર નીચે દર્શાવ્યા અનુસાર છેઃ

> *"૪.૩ વિશ્લેષણ અને નિર્ણય કેટલાંક હિતધારકોએ એ બાબતે સ્પષ્ટતા કરવાનું સૂચન કર્યું છે કે, એપીપીસી કરતા ઓછા ભાવે હાથ ધરવામાં આવેલા પીપીએ REC મિકેનિઝમ હેઠળ અયોગ્ય ગણાશે કે નહીં.એવું માનવામાં આવે છે કે, વીજળીના ઘટકો માટે ટેરિફ એપીપીસી કરતા ઓછો કે વધારે હોવાથી આરઇ જનરેટરને નુકશાન કે નફાને ટાળી શકાય તેમ છે.પંચે સ્પષ્ટતા કરી*

છે કે, જે પ્રોજેક્ટો પીપીએને એપીપીસીની સરખામણીએ નીચા દરે અમલમાં મૂક્યા છે, તેમને પ્રતિબંધિત કરવાનો ઈરાદો નથી અને આ સુધારો ભવિષ્યલક્ષી રીતે લાગુ પડશે અને એવામાં એપીપીસીથી નીચા દરે પહેલેથી અમલમાં મૂકાયેલા પીપીએને અસર નહીં થાય. પ્રાપ્ત થયેલા સૂચન અંગે પંચે સ્પષ્ટતા કરી છે કે, વીજળીના ઘટકનો પીપીએ નિયત કિંમત અને લાંબા ગાળાનો કરાર (વધારો કર્યા વગર) હોવો જોઈએ, કારણ કે પંચે તેની પધ્ધતિમાં REC પ્રાઈસ બેન્ડ નક્કી કરતી વખતે નિશ્ચિત કિંમત સ્વીકારી લીધી છે. તે સ્પષ્ટ કરવામાં આવે છે કે પ્રાઈસ બેન્ડ સમયાંતરે સુધારણાને આધિન છે; તેથી વધારો કર્યા વિના નિશ્ચિત એપીપીસી અથવા લાંબા ગાળાના કરારથી આરઈ પ્રોજેક્ટ્સની સધ્ધરતાને અસર થઈ શકે છે. કોઈપણ સંજોગોમાં પ્રસ્તાવિત સુધારામાં જોગવાઈ કરવામાં આવી છે કે, એપીપીસી યોગ્ય પંચ દ્વારા નક્કી કરવામાં આવશે."

૨૯. એસોસિએશન તરફથી રજૂ થયેલા વકીલ શ્રીએ રજૂઆત કરી હતી કે, નિયમનકારી માળખાની દ્રષ્ટિએ, ઉત્પાદક કંપનીઓ અને વિતરણ લાઇસન્સધારકો દ્વારા હાથ ધરવામાં આવેલા પી.પી.એ.ને યોગ્ય કમિશન દ્વારા મંજૂરી આપવી પડશે; અને પ્રશ્ન હેઠળના પી.પી.એ.ને રાજ્ય કમિશન દ્વારા ક્યારેય મંજૂરી આપવામાં આવી નથી કે અપીલકર્તાઓએ આવી મંજૂરી માટે રાજ્ય પંચનો સંપર્ક કર્યો નથી. વધુમાં એવી પણ રજૂઆત કરવામાં આવી હતી કે, ફ્લોર પ્રાઇસ અને ફોરબીયરન્સની કિંમત વિવિધ સિદ્ધાંતો દ્વારા નિર્ધારિત કરવામાં આવે છે, જેમાં અન્ય બાબતોની સાથે–સાથે રાજ્યોમાં એપીપીસીમાં થતા ફેરફારો પણ સામેલ છે (જેમાં વાર્ષિક ધોરણે સુધારો કરવામાં આવે છે).

એટલે એપીપીસી સ્થિર કન્સેપ્ટ ન હોઈ શકે, અન્યથા ફ્લોર પ્રાઇસ અથવા ફોરબીયન્સ પ્રાઇસમાં તફાવત ઉત્પાદકને ઓછી વસુલાત તરફ દોરી જશે.

૩૦. વધુમાં એવી દલીલ કરવામાં આવી હતી કે, REC ની આંકેલ કિંમત સાથે એપીપીસી, વીજળીના પુરવઠાના ટેરિફ નક્કી કરે છે અને તેને મંજૂરી આપવામાં આવે છે.એટલે કે એપીપીસી અને REC પ્રાઇસીંગ એ એક જ સંપૂર્ણ કિંમતના બે ભાગ છે, જે એકંદર ટેરિફ બનાવે છે, જે REC મિકેનિઝમ હેઠળ નોંધાયેલી ઉત્પાદક કંપની મેળવવા માટે હકદાર છે. REC ભાવોની સાથે એ.પી.પી.સી. એ પી.પી.એ. માં ટેરિફ કલમના ભાગ રૂપે સમાવિષ્ટ કરવાનો હેતુ હતો. જો તેમાંથી કોઈ એક ઘટકને બાંધવામાં આવે અથવા કૃત્રિમ રીતે તેની ટોચમર્યાદા નક્કી કરવામાં આવે અને તે પણ રાજ્ય પંચની મંજૂરી વિના, તો તે પેદા કરતી કંપનીને નુકસાન પહોંચાડવા માટે REC તંત્ર અનિયમિત રીતે લાગુ થવા તરફ દોરી જશે, જે આરઈ ઉત્પાદનની ઓછી વસુલાત અને અવ્યવહારિકતા તરફ દોરી જશે.

૩૧. એવી દલીલ કરવામાં આવી હતી કે, REC નિયમો ૨૦૧૦ ના નિયમન ૯ (૨) માં, ફ્લોર પ્રાઇસ (લઘુતમ કિંમત) અને ફોરબીયરેંસ પ્રાઇસ (મહત્તમ કિંમત) નક્કી કરવાની જોગવાઈ છે, જેની અંદર RECનું પાવર એક્સચેન્જમાં વેચાણ થઈ શકે છે. સી.ઈ.આર.સી. દ્વારા આખા દેશ માટે ફ્લોર પ્રાઇસ અને ફોરબીયરેંસ નક્કી કરવામાં આવશે, જે અન્ય બાબતોની સાથે સાથે રાજ્યોમાં એ.પી.પી.સી.માં વિવિધ સિદ્ધાંતો દ્વારા માર્ગદર્શિત છે, જેમાં વાર્ષિક

ધોરણે સુધારો કરવામાં આવ્યો છે. એટલે જો એપીપીસીને સ્થિર રાખવામાં આવે, તો ફ્લોર પ્રાઇસ/ફોરબીયરેંસ કિંમતમાં તફાવત ને ઓછી વસુલાત તરફ દોરી જશે.

૩૨. આર.ઈ.સી. વ્યવસ્થા અંતર્ગત ધ્યાનમાં લેવાતી એ.પી.પી.સી. ક્રિયાશીલ હોવી જોઈએ અને તેમાં નિયમિત ધોરણે સુધારો થવો જોઈએ. જ્યારે એ.પી.પી.સી.માં વધારો થાય છે, ત્યારે આર.ઈ.સી.ની ફ્લોર પ્રાઇસ ઘટે છે અને એથી વિપરીત જ્યારે એ.પી.પી.સી.માં ઘટાડો થાય છે, ત્યારે આર.ઈ.સી.ની ફ્લોર પ્રાઇસ વધે છે અને તે દર વર્ષે બદલાય છે. આર.ઈ.સી. કિંમત અને એ.પી.પી.સી. સાથે વીજળીના પુરવઠાના દર નક્કી અને મંજૂર કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો, એ.પી.પી.સી. અને આર.ઈ.સી. પ્રાઇસિંગ એક જ સંપૂર્ણ કિંમતના બે ભાગ છે, જે એકંદર દર ની રચના કરે છે, જે મેળવવા માટે આર.ઈ.સી. મિકેનિઝમ હેઠળ નોંધાયેલી ઉત્પાદક કંપની હકદાર છે. પી.પી.એ.માં ટેરિફ કલોઝ ભાગરૂપે આર.ઈ.સી. પ્રાઇસિંગ સાથે એ.પી.પી.સી.ને સામેલ કરવાનો ઉદ્દેશ હતો. જો બેમાંથી કોઈ એક ઘટકને કૃત્રિમ રીતે મર્યાદિત અથવા કેપ કરવામાં આવે અને તે પણ જી.ઈ.આર.સી.ની મંજૂરી વગર, તો તે આર.ઈ.સી. મિકેનિઝમના અનિયમિત અમલ તરફ દોરી જશે જે ઉત્પાદક કંપનીને નુકસાન પહોંચાડશે અને આર.ઈ. જનરેટરની અંડર–રિકવરી અને અવ્યવહારિકતા તરફ દોરી જશે.

૩૩. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, પી.પી.એ.ની અંદરના દર મૂળભૂત નિયમોનું ઉલ્લંઘન કરે છે, જેમાં લાંબા ગાળાની નિર્ધારિત કિંમત/દર નો વિચાર કરવામા આવ્યો નથી. તેથી તે ગેરકાયદેસર છે અને તેને નિયમો સાથે સંરેખિત કરવું જરૂરી છે. એ.પી.ટી.ઇ.એલ. દ્વારા દર ને યોગ્ય રીતે નિયમન સાથે સંરેખિત કરવામા આવી છે. આ નિયમનને પડકારવામા આવ્યો નથી અને તેમાં કાયદાનું બળ છે તથા તેમાં પી.પી.એ.ને નિયમો સાથે સંરેખિત કરવાની જોગવાઈ છે. અહિં પી.ટી.સી. ઇન્ડિયા લિમિટેડ વી. સી.ઇ. આર.સી. (હવે પછી પી.ટી.સી. ઇન્ડિયા) [26] ઉપર આધાર રાખવામા અવ્યો છે.

૩૪. ત્રીજા સામાવાળાના વકીલે દલીલ કરી હતી કે, ઉત્પાદક કંપની અને વિતરણ લાઇસન્સીની વચ્ચે પી.પી.એ.માં એવો કોઈ દર ન હોઈ શકે, જે સી.ઇ.આર.સી. નિયમો અને રાજ્ય આયોગ દ્વારા જારી કરવામાં આવેલા દરના આદેશોને અનુરૂપ ન હોય. વધુમાં એવી દલીલ કરવામાં આવી હતી કે, જ્યાં પક્ષો વચ્ચે સોદાબાજીની અસમાન શક્તિ હોય ત્યાં કોર્ટ કરારનો અમલ કરાવી શકે નહીં. વધુમાં એવી પણ રજૂઆત કરવામાં આવી હતી કે, રાજ્ય આયોગે યોગ્ય રીતે નોંધ્યું છે કે, પક્ષો દ્વારા ૨૫ વર્ષના સમયગાળા માટે પ્રતિ યુનિટ ૨.૬૪ રૂપિયાનો નિર્ધારિત દર માત્ર અધિનીયમની જોગવાઈઓનું ઉલ્લંઘન નથી કરતું પરંતુ અધિનિયમની કલમ ૩ અંતર્ગત અધિસૂચિત રાષ્ટ્રીય વીજળી નીતિ અને દર નીતિનું, જે પ્રેફરન્શિયલ પ્રાઇસિંગ દ્વારા પુનઃપ્રાપ્ય ઊર્જાનાં સ્રોતોને પ્રોત્સાહન આપે છે, તેનું પણ ઉલ્લંઘન કરે છે.

---

26 (૨૦૧૦)૩ એસ.સી.આર. ૬૦૯

૩૫. વિશ વિન્ડના વકીલે એવી પણ રજૂઆત કરી હતી કે, તે પી.પી.એ. ની આકરી શરતો દ્વારા બાધી શકાય તેમ નથી, કારણ કે, તે રાજ્ય આયોગ દ્વારા ક્યારેય મંજુર કરવામાં આવી ન હતી અને તેથી તે અધિનિયમ હેઠળ અધિસૂચિત કરવામાં આવેલ કાયદાકીય પ્રક્રિયા સાથે સુસંગત નથી. વિદ્વાન વકીલે એવી પણ રજૂઆત કરી હતી કે, હાલની કાર્યવાહી એ એવો કિસ્સો નથી કે, જ્યા રાજ્ય આયોગ દ્વારા કરાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય, પરંતુ એવો કિસ્સો છે, જ્યાં અધિનિયમ દ્વારા આપવામા આવેલ નિયમનકારી સત્તાનો ઉપયોગ કરીને કરારનુ સંબંધિત નિયમનકારી વ્યવસ્થા સાથે સંકલન કરવામા આવ્યુ હોય. ગુજરાત ઉર્જાની એવી દલીલ કે, રાજ્ય આયોગને પી.પી.એ. ફરી ખોલવાનો કોઈ અધિકાર નથી, તેના જવાબમાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અધિનિયમની કલમ ૮૬(૧)(ખ) હેઠળ વિતરણ લાઈસન્સ ધારકો પર રાજ્ય આયોગ દ્વારા મંજૂર કરાયેલા (તેમના દ્વારા કરવામા આવેલા) પી.પી.એ. મેળવવાની જવાબદારી મૂકવામાં આવી છે અને વર્તમાન કિસ્સામાં, રાજ્ય આયોગને પી.પી.એ. કાયદા અનુસંધાનમા આવા કાયદાનું નિયમન કરવાની તક ક્યારેય નથી મળી.

૩૬. એવી પણ રજૂઆત કરવામાં આવી હતી કે, કાયદાની કલમ ૮૬(૧)(ખ) રાજ્ય આયોગને પી.પી.એ.ની સમજૂતીની શરતોમાં સુધારો, ફેરફાર કે બદલાવ કરવાનો અધિકાર આપે છે, જેથી કાયદા હેઠળ સ્થાપિત નિયમનકારી માળખાને અનુરૂપ પી.પી.એ.ની અનુપાલનની ખાતરી કરી શકાય. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, એ.પી.પી.સી.ની વ્યાખ્યા ધ્યાને લેતાં, તે

સ્પષ્ટ છે કે, લઘુત્તમ કિંમત અને મહત્તમ કિંમત ડાયનામિક પ્રકૃતિ ધરાવે છે અને એ. પી. પી. સી. લઘુત્તમ કિંમત અને મહત્તમ કિંમત સાથે સંકળાયેલ હોવાથી તેનું વર્ષો–વર્ષ નિર્ધારણ કરવુ જોઈએ જેથી ઉત્પાદકોના ગેરેંટેડ વળતરને અસર ન થાય.

વિશ્લેષણ અને તારણો.

૩૭. જીવાશ્મ ઇંધણોના સતત ઉપયોગથી ઊભી થયેલી કટોકટી અને પર્યાવરણને થતા ભારે નુકસાનને કારણે દુનિયાભરની સરકારો ઊર્જાનાં વૈકલ્પિક અને પુન:પ્રાપ્ય સ્રોતોને પ્રોત્સાહન આપી રહી છે. વીતેલા દોઢ દાયકામાં પુન:પ્રાપ્ય ઉર્જાના ઝડપી વિકાસ દ્વારા જોવા મળ્યુ છે કે, વિશ્વના ઘણા દેશોમાં સૌર અને પવન ઉર્જા હવે સૌથી સસ્તી ઉર્જા બની છે. એક સમયે પર્યાવરણને અનુકૂળ ઊર્જાનો વિકલ્પ મોંઘો હતો, પણ હવે તે ઊર્જાનું બિલ ઘટાડવામાં મદદરૂપ થઈ રહ્યું છે.

૩૮. આવા સ્રોતોના ઝડપથી બદલાતા અર્થતંત્રને કારણે કેન્દ્ર સરકારને અહેસાસ થયો છે કે સૌર અને અન્ય પુન:પ્રાપ્ય ઉર્જા, ઊર્જાનાં પરિદ્રશ્યમાં પરિવર્તન લાવી શકે છે, તેની પહોંચ વધારી શકે છે અને ભારતને તેના જળ–વાયુ પરિવર્તનનાં ઉદ્દેશોને પૂર્ણ કરવામાં મદદ કરી શકે છે. ગ્રીડ ટ્રાન્સમિશન ક્ષમતા એક અવરોધ છે, જોકે, વિતરણ અને ઑફ–ગ્રીડ સૌરઊર્જાના ઉપાયો ઊર્જાની સુલભતા વધારવા માટે વ્યવહારિક ઉકેલ પ્રદાન કરે છે. મુખ્યત્વે સસ્તી કોલસા આધારિત વીજળી ઉત્પાદન પર નિર્ભર હોવાથી, ઊર્જા પર પરંપરાગત

વિચાર એ રહ્યો છે કે, વીજળીના ઉત્પાદનમાં પુનઃપ્રાપ્ય ઊર્જાનો હિસ્સો વધવાથી સ્થાનિક વિતરણ કંપનીઓની નબળી નાણાકીય સ્થિતિને વધુ નુકસાન થશે. વીતેલા વર્ષોમાં ભારતે પુનઃપ્રાપ્ય ઉર્જાના વિકાસને પ્રોત્સાહન આપવા માટે એક વ્યાપક નીતિ અને નિયમનકારી માળખાની સ્થાપના કરી છે. ભારતે ૧૯૯૦માં પવન ઊર્જાનો વિકાસ શરૂ કર્યો હતો અને છેલ્લાં થોડાં વર્ષોમાં તેની ક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે. અમેરિકા અથવા ડેન્માર્ક જેવા પવન ઊર્જાની ક્ષમતા ધરાવતા સ્થાપિત દેશોની સરખામણીમાં ભારત આ ક્ષેત્રમા વિલંબથી દાખલ થનાર દેશ છે. તેમ છતાં, પવન ઊર્જા માટે તેના સમર્થનના પરિણામે, તેની નીતિઓના માધ્યમથી ભારત વિશ્વમાં ચોથી સૌથી મોટી સ્થાપિત પવન ઊર્જા ક્ષમતા ધરાવતું ઉત્પાદક બન્યું છે, જે ભારતની કુલ સ્થાપિત ઊર્જા ક્ષમતામાં ૧૦ ટકા હિસ્સો ધરાવે છે. ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીમાં ભારતમાં પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતા ૪૨,૦૧૫ મેગાવોટની હતી.[27]

૩૯. અધિનિયમની કલમ–૮૬ રાજ્ય આયોગની કામગીરીનું વર્ણન કરે છે. કલમ ૮૬(૧)(ચ) નિચે મુજબ છે.

> "**કલમ ૮૬(૧):** રાજ્ય આયોગ નીચે મુજબના કાર્યો કરશે, એટલે કેઃ
>
> – – – – – – – – – – – – – – –
>
> (ચ) ગ્રિડ સાથે જોડાણ અને કોઇપણ વ્યક્તિને વીજળીનું વેચાણ કરવા માટે યોગ્ય પગલાં પૂરાં પાડીને ઊર્જાનાં પુનઃપ્રાપ્ય સ્રોતોમાંથી વીજળીનું સહ–ઉત્પાદન અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવું અને વિતરણ

---

27 વાસ્તવિક પ્રગતી (ઉપલબ્ધિઓ) નવિન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય, ભારત સરકાર. https://mnre.gov.in/the-ministry/physical-progress

લાઇસન્સ ધારકના વિસ્તારમાં વીજળીના કુલ વપરાશની ટકાવારી પણ આવા સ્રોતોમાંથી વીજળીની ખરીદી માટે નિર્દિષ્ટ કરવું.

૪૦. રાજ્ય આયોગોએ તેમના અધિકાર ક્ષેત્ર હેઠળ વિતરણ લાઇસન્સ ધારકો માટે નિયમો વિકસાવતી વખતે આ મહત્વપૂર્ણ કલોઝના છેલ્લા ભાગ પર નોંધપાત્ર ભાર મૂક્યો છે. અધિનિયમની કલમ ૩૦ના સંદર્ભમાં કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી રાષ્ટ્રીય દરની નીતિ નીચે મુજબ છેઃ

'ક્લોઝ ૬.૪: સહ–ઉત્પાદન સહિત ઊર્જા ઉત્પાદનનાં બિન–પરંપરાગત સ્રોતોઃ

(૧) અધિનિયમની કલમ ૮૬(૧)(ચ) ની જોગવાઈઓને અનુલક્ષીને, યોગ્ય આયોગ આ ક્ષેત્રમાં આવા સંસાધનોની ઉપલબ્ધતા અને છુટક દર પર તેની અસરને ધ્યાને રાખીને આવા સ્રોતો પાસેથી ઊર્જા ખરીદવા માટે લઘુતમ ટકાવારી નક્કી કરશે. ઊર્જાની ખરીદીની આ ટકાવારી ૧ એપ્રિલ, ૨૦૦૬ સુધીમાં એસ.ઈ.આર.સી એ નક્કી કરેલા દર પર લાગુ થવી જોઈએ."

આર.ઈ.સી. નિયમો ૨૦૧૦ના નિયમ ૪(૧) અનુસાર આર.ઈ.સી.ની બે કેટેગરીઓ છેઃ સૌર અને બિન–સૌર. નિયમ ૪ (૨) માં ફરજિયાત કરવામાં આવ્યું છે કે, બિન–સૌર પ્રમાણપત્ર જવાબદાર કંપનીઓને વેચવામાં આવશે, જેથી તેઓ સૌર સિવાયના પુનઃપ્રાપ્ય ઊર્જાનાં સ્રોતોમાંથી ખરીદી કરવા માટે તેમની જવાબદારી પૂર્ણ કરી શકે. આર.ઈ.સી. નિયમોના નિયમન ૫ (૧) (અગાઉ લેવામાં આવ્યા હતા) માં પુન:પ્રાપ્ય ઉર્જા ઉત્પાદન કંપનીઓ માટે અરજી કરવા અને પ્રમાણપત્ર મેળવવા માટે નોંધણી કરાવવા

માટેની પાત્રતા શરતો જણાવવામાં આવી છે, જે નીચે મુજબ હોવી જોઈએઃ (ક) રાજ્ય એજન્સી પાસેથી માન્યતા પ્રાપ્ત (ખ) આ પ્રકારનાં ઉત્પાદન સાથે સંબંધિત ક્ષમતા માટે યોગ્ય આયોગ દ્વારા નિર્ધારિત પ્રિફરન્શિયલ દર ઉપર વીજળીનું વેચાણ કરવા માટે કોઈ વીજળી ખરીદી સમજૂતી ન હોવી જોઇએ અને (ગ) (i)જે વિસ્તારમાં લાયકાત ધરાવતું એકમ સ્થિત છે તે વિસ્તારનાં વિતરણ પરવાના ધારકને, આ પ્રકારનાં વિતરણ ધારકની વીજળીની ખરીદીના પૂલ્ડ ખર્ચથી વધારે ન હોય તેવી કિંમતે અથવા (ii) કોઈ અન્ય લાયસન્સ ધરાવતા ગ્રાહકને પારસ્પરિક સંમત કિંમતે અથવા બજાર નિર્ધારિત કિંમતે વીજળી એક્સચેન્જ મારફતે વીજળીનું વેચાણ કરતા હોય. 'પૂલ્ડ કોસ્ટ અથવા પર્ચેસ'નો અર્થ શું થાય છે તે સ્પષ્ટતા (નિયમ ૫) માં સમજાવવામાં આવી છે, જેનો અર્થ થાય છે કે વીજળીની વેઇટેડ એવરેજ પૂલ્ડ પ્રાઇસ, જેના પર વિતરણ લાઇસન્સધારકે વીજળીની ખરીદી કરી છે, જેમાં અગાઉના વર્ષમાં તમામ ઊર્જા સપ્લાયર્સ લાંબા ગાળાની અને ટૂંકા ગાળાના સ્વઉત્પાદનનો ખર્ચ, જો કોઈ હોય તો, તે તેમાં સમાવિષ્ઠ છે, પરંતુ પુન:પ્રાપ્ય ઊર્જા સ્રોતોને તેમાથી બાકાત રાખવામા આવેલ છે.

૪૧. આર.ઈ.સી. રેગ્યુલેશન્સ, ૨૦૧૦ના ઉદ્દેશો આ અદાલતના ચુકાદામાં વર્ણવવામાં આવ્યા હતા, જે હિન્દુસ્તાન ઝિંક લિમિટેડ વિરૂદ્ધ રાજસ્થાન ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન[28], માં પ્રસિધ્ધ કરવામા આવ્યા હતા.

> *"૪૪. [..] ઊર્જાના પ્રદુષણ ફેલાવતા સ્રોતોથી વિપરીત, ઊર્જાનાં પુન:પ્રાપ્ય સ્રોતોથી વીજળીનાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનાં ઉદ્દેશને*

28 (૨૦૧૫) ૭ એસ.સી.આર. ૧૧૦૪

અસરકારક બનાવવા નિયમો ઘડવામાં આવ્યાં છે, જે ૨૦૦૫ની રાષ્ટ્રીય વીજળી નીતિ, અધિનિયમ અને ૨૦૦૬ની દર નીતિમાં સમાવિષ્ટ છે. ઊર્જાનાં પુન:પ્રાપ્ય સ્રોતોમાંથી લઘુત્તમ ટકાવારીમા ફરજિયાત રીતે ઊર્જા ખરીદવાની જોગવાઈઓ વ્યાપક જાહેર હિતમાં શક્ય હોય ત્યાં સુધી પુનઃપ્રાપ્ય ઊર્જાનાં સ્રોતોનો ઉપયોગ કરીને પર્યાવરણનું રક્ષણ કરવા અને વિસ્તારમાં પ્રદૂષણને અટકાવવા બંધારણીય આદેશને પૂર્ણ કરવાના ઉદ્દેશ સાથે બનાવવામાં આવી છે. "[..]"

૪૨. એટલે આ અદાલતનો અભિગમ ઊર્જાનાં બિન–પુનઃપ્રાપ્ય સ્રોતોને પ્રોત્સાહન આપવાની નીતિનાં ઉદ્દેશ, આર.ઈ.સી. રજૂ કરવાનો અને લાયસન્સ ધારકો પર મૂકવામાં આવેલી પ્રગતિશીલ જવાબદારીઓ પર વિચાર કરવાનો છે, જેથી તેઓ વ્યવહારિક રીતે આ પ્રકારનાં 'પર્યાવરણ–તરફી' અથવા 'સ્વચ્છ' સ્રોતોમાંથી ઊર્જાની ખરીદી સુનિશ્ચિત કરી શકે. હાલનાં કેસમાં પુનઃપ્રાપ્ય ઊર્જાની ખરીદી કરવાની જવાબદારી ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (પુનઃપ્રાપ્ય સ્રોતોમાંથી ઊર્જાની ખરીદી) નિયમો, ૨૦૧૦ (હવે પછી પુનઃપ્રાપ્ય સ્રોત નિયમો) માં છે. ઉક્ત પુનઃપ્રાપ્ય સ્રોતોનાં નિયમનનો નિયમ ૪ (૧) નીચે મુજબ છેઃ

"૪. ક્વોન્ટમ ઓફ રિન્યુએબલ પર્ચેઝ ઓબ્લિગેશન (આર.પી.ઓ.)

૪.૧ દરેક વિતરણ પરવાના ધારક એક વર્ષ દરમિયાન ટી એન્ડ ડી લોસ સહિત તેના ગ્રાહકોના કુલ વપરાશની નિર્ધારિત લઘુતમ ટકાવારી પર રિન્યુએબલ એનર્જી સ્રોતોમાંથી વીજળી Kwh(કિલો વોટ કલાક માં) ખરીદશે. એ જ રીતે કેપ્ટિવ અને ઓપન એક્સેસ યુઝર /કન્ઝ્યુમર એક વર્ષ દરમિયાન તેમના કુલ વપરાશની નિર્ધારિત લઘુતમ ટકાવારી પર

પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોતોમાંથી વીજળી Kwh(કિલો વોટ ક્લાક માં) ખરીદશે.

નિર્ધારિત લઘુતમ ટકાવારી નીચે કોષ્ટક–૧માં આપવામાં આવી છે.

કોષ્ટક ૧

વર્ષ	પુન: પ્રાપ્ય સ્રોતોમાંથી ખરીદીનો લઘુત્તમ જથ્થો (% માં) (કિલો વોટ આવર ના રૂપે ઊર્જા)			
(૧)	કુલ (૨)	પવન (૩)	સૌર (૪)	બાયોમાસ બેગાસ અને અન્ય (૫)
૨૦૧૦–૧૧	૫%	૪.૫%	૦.૨૫%	૦.૨૫%
૨૦૧૧–૧૨	૬%	૫.૦%	૦.૫%	૦.૫%
૨૦૧૨–૧૩	૭%	૫.૫%	૧.૦%	૦.૫%

જો કોઈ ચોક્કસ વર્ષમાં સૌર અને અન્ય પુનઃપ્રાપ્ય ઊર્જાનાં સ્રોતોમાંથી ઉપર ઉલ્લેખિત લઘુતમ વીજળીની ખરીદીનો જથ્થો ઉપલબ્ધ ન હોય તો, આવા કિસ્સાઓમાં, કોલમ ૩ અને ૫ માં દર્શાવ્યા ઉપરાંત વધારાનાં પવન અથવા અન્ય ઊર્જાનો ઉપયોગ કોલમ ૨ અનુસાર આર.પી.ઓ.ની પૂર્તિ માટે કરવામાં આવશે. વધુમાં, પુનઃપ્રાપ્ય ઊર્જાની ખરીદી કરવાની આ પ્રકારની જવાબદારીમાં સંબંધિત સંસ્થા દ્વારા પહેલેથી જ કરવામાં આવેલી પુનઃપ્રાપ્ય ઊર્જાનાં સ્રોતોમાંથી કરવામાં આવેલી ખરીદી, જો કોઈ હોય તો તેનો સમાવેશ થશેઃ

પરંતુ એ પણ જોગવાઈ કરવામાં આવી છે કે, વિતરણ લાઈસન્સ ધારકો દ્વારા પુનઃપ્રાપ્ય ઊર્જાનાં સ્રોતોની ખરીદી માટે અગાઉથી કરવામાં આવેલી વીજળી ખરીદ સમજૂતીઓ અંતર્ગત કરવામાં આવેલી વીજળીની ખરીદીઓ તેમની વર્તમાન માન્યતા સુધી ચાલુ રહેશે, ભલે આવી સમજૂતીઓ અંતર્ગત કુલ ખરીદીઓ અહીં ઉપર ઉલ્લેખિત ટકાવારી કરતા વધારે હોય."

૪૩. પુનઃપ્રાપ્ય સ્રોત નિયમોનાં નિયમ ૯(૧) ની દ્રષ્ટિએ, જો કોઈ બાધ્યતા ધરાવતું એકમ[29] (જેમ કે હાલના અપીલકર્તા) કોઈ પણ વર્ષ દરમિયાન નિયમોમાં આપવામાં આવેલી પુનઃપ્રાપ્ય ખરીદીની જવાબદારીને પૂર્ણ નહીં કરે અને પ્રમાણપત્રોની ખરીદી પણ નહીં કરે, તો રાજ્ય આયોગ તે બાધ્યતા ધરાવતાં એકમને અલગ ભંડોળમાં જમા કરાવવાનો નિર્દેશ આપી શકે છે, જેની રચના અને જાળવણી રાજ્ય આયોગ નક્કી કરશે. આમ, બાધ્યતા ધરાવતાં એકમોએ (વિતરણ લાઈસન્સ સહિત) પુનઃપ્રાપ્ય ઉર્જા સ્રોતોમાંથી વીજળીની ખરીદીમાં વધારો કરવા માટે પગલાં લેવા પડશે. તેને પ્રોત્સાહન આપવા માટે, રાજ્ય આયોગના દર નિર્ધારણ હુકમ અનુસાર, વીજળી ઉત્પાદકો દર નિયત કરાવી શકે છે અથવા અન્ય વ્યવસ્થા અપનાવી શકે છે, એટલે કે, આર.ઈ.સી. રેગ્યુલેશનમાં જે વિચારણા કરવામાં આવી હોય તે.

૪૪. આ કિસ્સામાં પી.પી.એ.માં દર્શાવેલી સંબંધિત શરતો નીચે મુજબ છેઃ

---

29 નિયમ ૨(૬) માં 'એક બાધ્યતા ધરાવતા એકમ'ની વ્યાખ્યા આ નીયમના ક્લોઝ ૩ હેઠળ ઓળખી કાઢવામાં આવી છે, જે વીજળી અધિનિયમના ક્લોઝ ૮૬ના સબક્લોઝ (૧)ના સબક્લોઝ ચ) હેઠળ પુનઃપ્રાપ્ય ખરીદીની જવાબદારી પૂર્ણ કરે છે.

દર અને શુલ્ક

